# પરીક્ષામાં થતી ચોરી માટે શિક્ષકો કરતાં વાલી વધુ જવાબદાર છે

વિદ્યાર્થીઓ શાંત અને સારા વાતાવરણ વચ્ચે પરીક્ષા આપી શકે તે માટે શાળા અને સરકાર દ્વારા પૂરતા પ્રયત્નો કરવામાં આવે છે. વિદ્યાર્થી અને વાલીઓ પણ ઇચ્છે છે કે સારી રીતે પરીક્ષા પૂર્ણ થાય, પણ સાથે જ બંનેની અપેક્ષા પણ એ જ હોય છે કે ગમે તે રીતે શક્ય તેટલું વધુ પરિણામ લાવવું. તેમની આ બીજી અપેક્ષા જ તેમના અને સમાજ માટે કલંક સાબિત થઇ રહી છે. આ વર્ષે એક વાલી હોય છે તો બીજા વર્ષે બીજા વાલી હોય છે, પણ અપેક્ષા તો સરખી જ જોવા મળે છે. શાળાકીય પરીક્ષામાં પણ વિદ્યાર્થી અને વાલી આ અપેક્ષા રાખે જ છે, આમ છતાં શાળાકીય પરીક્ષામાં ચોરી થતી નથી. તેનાં ઘણાં કારણો છે. તેનો નિષકર્ષ એ  કાઢી શકાય કે જો ચોરી કરાવવામાં શિક્ષકો ને રસ હોત કે શિક્ષકો જ ચોરી કરવાની પ્રેરણા આપતા હોત તો શાળાકીય પરીક્ષામાં પણ ચોરીઓ થતી હોત. ખરેખર સત્ય તો એ જ છે કે પરીક્ષાઓમાં થતી ચોરીઓ માટે જો સૌથી વધારે જવાબદાર પરિબળ કોઇ હોય તો તે વાલી/સમાજ જ છે.

શાળાઓમાં ક્યારેય કોઇપણ શિક્ષક દ્વારા એવું શીખવવામાં આવતું નથી કે પરીક્ષામાં ચોરી કેવી રીતે કરાય? આમછતાં વિદ્યાર્થી ચોરી કરતાં શીખે છે અને કેટલાક તો તેમાં પાવરધા પણ બને છે. તો વિદ્યાર્થીઓ ક્યાંથી શીખી લાવ્યા? જવાબ સહેલો જ છે. આપણે સૌએ કબૂલવું જ પડશે કે આ વિદ્યાર્થીઓને ચોરી કરવાનું શીખવનાર તેમના વાલી, પડોશી, મિત્રો વગેરે છે. એટલેકે વિદ્યાર્થીઓ ચોરી કરવાનું સમાજમાંથી જ શીખે છે.

વાલીઓ જ શિક્ષકો પર દબાણ લાવીને શિક્ષકને ચોરી કરાવવા દેવા મજબૂર કરે છે. ક્યારેય કોઇ શિક્ષક કોઇ વાલી પાસે ગયો નથી કે ચાલો, હું તમારા બાળકને ચોરી કરાવીશ. વાલીઓ જ શિક્ષક પાસે જાય છે. આખા વર્ષમાં ક્યારેય શિક્ષકને ન મળેલો વાલી પરીક્ષાના ટાણે જ જુદા જુદા-લાંબા લાંબા સંબંધો શોધી લાવીને શિક્ષક પર સામાજિક દબાણ ઊભું કરે છે. શિક્ષક પણ સમાજનો સભ્ય છે. પરિણામ સ્વરૂપ ક્યારેક અનિચ્છાએ પણ તેને સામાજિક દબાણને વશ થવું પડે છે. શિક્ષકની હાજરીમાં વિદ્યાર્થીઓ ચોરી કરતા હોય તો તેનું અર્થઘટન એવું કરવાની જરૂર નથી કે તેનાથી શિક્ષકને કોઇ ફાયદો થઇ રહ્યો હોય છે. અંદરથી તો શિક્ષક શુદ્ધ જ હોય છે, પણ તેને વટલાવે છે વાલી-સમાજ. ત્યારબાદ આ વાલી કે સમાજ જ પેલા વટલાયેલા શિક્ષક પાસે ઊંચી ઊંચી અપેક્ષા રાખે છે. ક્યાંથી પૂરી થાય તે અપેક્ષાઓ!  અંતે વાંક નીકળશે શિક્ષકનો જ. અહીં શિક્ષકે સમજવાની જરૂર છે કે આવું બદનામ થવાની જરૂર શી છે?  શા માટે હાથે કરીને પગ પર પાવડો મારવામાં આવે છે?

પરીક્ષા ટાણે એવા બનાવો પણ બનતાં હોય છે કે જો કોઇ શિક્ષક દબાણને વશ થયા વિના શુધ્ધ રહેવા માંગતો હોય તો તેની પર શારીરિક હુમલા કરવામાં આવે, સ્કવોર્ડ પર હુમલા થાય, પોલીસનો આશરો લઇને પરીક્ષાર્થી સુધી કાપલી મોકલવામાં આવે વગેરે બાબતો સૂચવે છે કે સમાજને જ ચોરી કરાવવામાં રસ છે અને ચોરી માટે માત્ર તે જ જવાબદાર છે. આવા પ્રસંગે શિક્ષક પોતે શિક્ષક ન રહેતાં બિચારો-બાપડો આમ આદમી બની જાય છે.

શાળામાં શિક્ષક દ્વારા કોઇ વિદ્યાર્થીને શારીરિક શિક્ષા કરવામાં આવી હોય કે અન્ય કોઇ ભૂલ થાય તો વાલી મંડળ, વિર્ચાર્થીઓના સંગઠનો વગેરે શિક્ષકો પાસે માફી મંગાવે છે, મોરચા કાઢે છે, આચાર્યને કે પોલીસને ફરિયાદ કરે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે પરીક્ષામાં થતી ચોરીઓ વખતે આ મંડળો ક્યાં જાય છે? તેમના માટે વધારે મહત્ત્વનું શું છે? મૂલ્યો, સ્વમાન કે ગમે તે ભોગે પરીક્ષાના ઊચાં પરિણામ?

વાલી કે સમાજ જો પ્રતિજ્ઞા કરે કે અમે અમારા બાળકને ચોરી માટે પ્રેરિત નહીં કરીએ. અમારું બાળક ચોરીથી દૂર રહે તેવા સંસ્કારનું સિંચન કરીશું. તો પરીક્ષામાં થતી ચોરીઓ અટકાવવા માટે સરકારે સ્કવોર્ડ પાછળ લાખો રૂપિયા ખર્ચ કરવો પડે નહીં અને વિદ્યાર્થીઓમાં પણ સંસ્કાર-મૂલ્યોનું સિંચન આપમેળે થશે.

ઉપરોક્ત વિચારનો અર્થ એવો હરગીજ ન કરી શકાય કે, પરીક્ષામાં થતી ચોરી માટે શિક્ષક બિલકુલ જવાબદાર નથી. પોલીસની હાજરીમાં કોઇ ગૂંડો કોઇની હત્યા કરે કે કોઇ ચોર ચોરી કરે તો આપણે સૌ પોલીસ પર તૂટી પડએ છીએ. પોલીસની હાજરીમાં હત્યા કે ચોરી થવી જ ન જોઇએ. તો શાળામાં શિક્ષકની હાજરીમાં ચોરી થાય તો કેમ ચલાવી લેવાય? સમાજમાં થતી ચોરી માટે જેમ પોલીસ જવાબદાર ચે તેમ શાળામાં થતી ચોરી માટે શિક્ષક જ જવાબદાર ગણાય. આમછતાં શિક્ષકની હાજરીમાં ચોરી તાય છે તે હકીકત છે. અહીં શિક્ષકોને એક પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે, આ વર્ષે સરકારે સ્કવોર્ડમાંથી શિક્ષકો અને આચાર્યને દૂર કેમ રાખ્યા? આ પ્રશ્નનો જવાબ સૌ શિક્ષણપ્રેમીઓનું  માથું નીચું કરાવી દે તેવો છે. સરકારના આ નિર્ણય સામે વિવિધ સંઘો અને શિક્ષક-આચાર્યને સ્વમાનભંગ અને અપમાન થયાં તેવું લાગ્યું. ત્યારે ફરી પ્રશ્ન કે અપમાન થાય તેવું વર્તન કરવાની શરૂઆત કોણે કરી? કેટલાંક જ શિક્ષકો-આચાર્ય કે શાળાઓ ચોરીથી જોજનો દૂર રહે છે. છતાં સમૂહ માટે લેવાતાં નિર્ણયને કારણે તેમને પણ સહન કરવું જ પડે છે. જે વધારે શરમજનક છે. દરેક શિક્ષકે એક કલ્પના કરવા જેવી છે..... કોઇ વાલીના દબાણને કારણે એક શિક્ષક બાળકને પરીક્ષામાં ચોરી કરવા દે છે અને અન્ય બીજો શિક્ષક ચોરી કરવા દેતો નથી. આ બંને શિક્ષક માટે વાલીના મનમાં કેવી છાપ ઊભી થશે? પ્રથમ શિક્ષક માટે વાલી થોડા દિસવ સુધી સારો છે તેમ કહેશે. છતાં વાલીનું દિલ તેને નિષ્ઠાવાન શિક્ષક તરીકે નહીં જ સ્વીકાર. તે શિક્ષકને એક ભ્રષ્ટાચારી લાગવગીયા શિક્ષક તરીકે જ સ્વીકારશે. જ્યારે બીજા શિક્ષકે ચોરી કરવા દીધી નથી તો જે તે સમયે વાલી મનમાં ગાળો દેશે, પણ કેટલાક દિવસ પછી જે તે શિક્ષક માટે તેના દિલમાં આદર ઊભો થશે. તે શિક્ષકને નિષ્ઠાવાન ગણશે. બીજાની સામે કહેશે કે, પેલા શિક્ષક ચોરી કરવા ન જ દે, સાચા અર્થમાં શિક્ષક છે. તો મિત્રો તમારે કેવા પ્રકારની છાપ સમાજમાં ઊભી કરવી છે તે વિચારો અને તે મુજબ કરો. ચોરી કરવા દેવાથી શિક્ષકને કોઇ ફાયદો થતો નથી, હા સમાજને નુકશાન ચોક્કસ પણે થાય છે. જે ચોરી કરે તેને ચોર કહેવાય, તેમ  જે ચોરી કરાવે તેને પણ ચોર જ કહેવાય ને! આ ઉક્તિ મુજબ દરેક પરીક્ષા વખતે આપણે કેટલા ચોર પેદા કરીએ છીએ તે વિચારવું જ રહ્યું.

અંતે, ચોરી માટે માત્ર શિક્ષક જ જવાબદાર નથી, શિક્ષક કરતાં વાલી વધુ જવાબદાર છે. પરીક્ષા આપવા જતાં પોતાના પાલ્યને જો વાલી ચોરી નહીં કરવાની સલાહ અને સમજ આપશે તો પરીક્ષામાં થતી ચોરી આપોઆપ અટકી જશે. અન્ય દિવસોમાં શિક્ષકની ભૂલ માટે આંદોલન કરનાર  વ્યક્તિઓ કે શિક્ષકસંઘ કે વાલીમંડળો બોર્ડની પરીક્ષામાં થતી ચોરી માટે  આંદોલન કેમ નથી કરતા? શું તેઓ પણ સ્વાર્થી અને ખોખલા છે? ભગવાન તેમને આ રસ્તો સૂઝાડે તેવી અપેક્ષા સહ........